**Moti Vēnti Ginan Recitation Project**

**Day 5**

એજી સામી લાજ અમારી તમે રાખજો, બીજે હાથે કેમરે જવાય;
તમારા નામનો નાળીયેર આવીયો;, બીજો કેમ જોવાય....મહેર. ૨૯
એજી આધીન થઇને હું વીંનતી કરૂં, સામી તમે સાંભળજો
કરણુ;
કાંઇક આધીનપણે બક્ષજો, સામી- તમે અશારણના શરણુ....મહેર. ૩૦
એજી સામી અબળા તે આતુર અતી ઘણી, નયણે ઝરે છે નીર;
તમ નરને નારીસું ઘણીસું, મારી જાણોને પીડ.....મહેર. ૩૧
એજી સામી કહી કહી હું કેટલું કહું, સામી તમે છો રંગી રાય;
મહેર કરીને સામી મુને મળજો, તો મારી રહેશે લજાય....મહેર. ૩૨
એજી અવગુણ અમારા તમે મનમાં મ ધરો, હું છઉં અબળા
આધીન નાર;
જોબન વંતી હું થઇ, હું છઉં બાળ કુંવાર...મહેર. ૩૩
એજી અંબર આભુશણુ જે જોઇએ, તે સામી સરવે હું લાવું;
એતો અમારો સામી અમને મળે, તો શણુગાર શોભતી હું આવું
...મહેર. ૩૪
એજી સામી હું આદ ઉણીયાદથી વીનવું, જપુ સાસ ઉસાસ;
રોમે રોમે સામી તમે રમી રહ્યા, તો પાપ અમારા સરવે થાય
નાશ....મહેર. ૩૫
એજી પીર હસન કબીરદીન નારી થઇને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦